GJSR020162202026 **<u>ફોજ. પરચુ. જા. અરજી નં. - ૧૩૩૫૫/૨૦૨૬</u>**

**<u>સાયબરક્રાઇમ પોલીસ સ્ટેશન. ગુ.ર.નં. ૧૧૨૧૦૦૬૨૨૬૦૦૩૨/૨૦૨૬, (ફોજ. કેસ નં. ૩૯૯૦૭૧/૨૦૨૬) બી. એન. એસ. એક્ટ કલમ 318(4), 336(2), 338, 336(3), 340(2), 61(2), 3(5), તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એક્ટ–૨૦૦૮ ની કલમ– 66(D) મુજબનાં ગુનાનાં કામે આરોપી હાર્દીકભાઇ લાલજીભાઇ ધોળકીયાની જામીન અરજી લગત હુકમ</u>**

સાંભળ્યા, અરજી વંચાણે લીધી. વી. એ.પી.પી. શ્રી નાઓએ લેખીત શેરો કરેલ છે તથા ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ ને ધ્યાને લેતાં જામીન આપવા સામે વાંધો હોવાનુ જણાવી અરજી નામંજુર કરવા જણાવેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી એમ. ડી. તારપરાનાઓએ રજુઆત કરેલ છે કે, આરોપી નિર્દોષ છે. આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી. પોલીસે આરોપીને શંકાને આધારે પકડેલ છે. આરોપી અસામાજીક તત્વો સાથે જોડાયેલ નથી. આરોપી કુટુંબ કબીલા વાળા વ્યક્તિ છે. આરોપીને જામીનમુક્ત કરવામાં આવે તો તેઓ નાસીભાગી જાય તેમ નથી. સદર ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે. આરોપી તમામ શરતો નુ પાલન કરશે અને દરેક મુદ્દતે નામ. કોર્ટ સમક્ષ હાજર રહેશે વિગેરે હકીકતો જણાવી યોગ્ય રકમના જામીન ઉપર મુક્ત કરવા જણાવેલ છે.

ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લીધી સદર ગુનો બી. એન. એસ. એક્ટ કલમ 318(4), 336(2), 338, 336(3), 340(2), 61(2), 3(5) તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એક્ટ–૨૦૦૮ ની કલમ–૬૬(ડી) મુજબ નોંધાયેલ છે. સદર ગુના ની ફરીયાદ તથા પોલીસ પેપર્સ ધ્યાને લેતા ગુનો તા. 27/12/2025 થી તા.19/02/2026 ના સમયગાળા દરમ્યાન બનેલ છે. આરોપીએ આ કામના ફરીયાદીને સ્ટોકમાર્કેટ માં ઈન્વેસ્ટ કરવાથી સારો એવો નફો મળશે તેવી લલચામણી લોભામણી વાતો કરી તેઓને વોટ્સએપ ઉપર બોગસ બનાવટી કુટલેખનવાળી લીનંક મોકલી તેમાં રજીસ્ટ્રેશન કરાવી ફરીયાદીના નામનુ વોલેટ બનાવી કુલ્લે રૂ. ૪૬,૧૬,૦૦૦/- ટ્રાન્સફર કરાવી રકમ વિડ્રો ના કરવા દઈ ફરીયાદી સાથે છેતરપીંડી કરેલ છે.

સદર ગુના ના કામે આરોપી વિરૂધ્ધ તા. ૨૧/૦૭/૨૦૨૬ ના રોજ ફોજ. કેસ નં. ૩૯૯૦૭૧/૨૦૨૬ થી ચાર્જશીટ દાખલ થયેલ છે. સદર ગુના ના કામે આરોપીએ અગાઉ જામીન મુક્ત થવા અત્રેની કોર્ટમાં જામીન અરજી કરેલ નથી. આરોપીપક્ષે સદર અરજી રજુ રાખી સદર કામે ચાર્જશીટ થઇ ગયેલ હોય ઉપરોક્ત મુજબ ની રજુઆત કરી જામીનમુક્ત કરવા માટે રજુઆત કરેલ છે. વિવિધ હાઇકોર્ટો ના ચુકાદા માં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો પ્રમાણે માત્ર ચાર્જશીટ રજુ કરી દેવાથી સંજોગો માં કોઇ ફેરફાર થયેલાનુ માની શકાય નહી. હાલ ના કામે પણ બચાવપક્ષ ચાર્જશીટ થયા સિવાય અન્ય કોઇ સંજોગો માં ફેરફાર થયેલાનુ બતાવી શકેલ નથી. તે સંજોગો માં બી.એન.એસ.એસ. કલમ ૪૮૦ અન્વયેની સત્તા આરોપીની તરફેણમાં વાપરવાનું ન્યાયોચીત જણાતુ ના હોય ન્યાય ના હીત માં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**હુકમ.**

આરોપી ની સદર જામીનઅરજી નામંજુર યાને રદ્દ કરવા માં આવે છે.

તા. ૧૨/૦૮/૨૦૨૬
સુરત.

(એસ.વી.મુદલીયાર)
૧૪મા એડી. સીની. સીવીલ જજ
અને એ.સી.જે.એમ., સુરત.